# ભજનઃ૨૯

## મેરુ તો ડગે પણ.....

મેરુ તો ડગે પણ જેના મનડાં ડગે નહિ પાનબાઇ
ભલેને ભાંગી પડે બ્રંહમાડ રે...

વિપતિ પડે પણ વણસે નહી રે પાનબાઇ
તોય હરિજનના પ્રમાણ રે...

ચિતની વૃતિ સદા નિર્મળ રાખે
કોઇની કરે નહિ આશા રે...

દાન દેવે પણ... રહે અજાણીને...૨
વચનમાં રાખે વિશ્ર્વાસ રે...

હરખ અને શોકની જેને ના આવે હેડકી
આઠે પહોરે આંનદ રે...

નિત્ય રહે જે...સંતોના સંગમાં...૨
તોડે રે માયા કેરા પંથ રે...

તન મન ધન જે પ્રભુને અર્પે તે
ધન્ય તે જાણ નરનાર રે...

ગંગાસતી એમ... બોલ્યા રે પાનબાઇ...૨
પ્રભુ પધારે એને દ્વાર રે....